# Leaders’ Summit on Climate (April 22-23, 2021)

April 21, 2021

# આબોહવા સંદર્ભે નેતાઓની શિખર મંત્રણા (22-23 એપ્રિલ, 2021)

એપ્રિલ 21, 2021

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આબોહવા સંદર્ભે નેતાઓની શિખર મંત્રણામાં ભાગ લેશે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જોસેફ આર. બાઇડેનના આમંત્રણ પર **22-23** એપ્રિલ **2021**ના રોજ વર્ચ્યુઅલ માધ્યમથી આ શિખર મંત્રણાનું આયોજન થઇ રહ્યું છે. પ્રધાનમંત્રી **22** એપ્રિલ **2021**ના રોજ ભારતીય સમયાનુસર સાંજે **5.30**થી **7.30** કલાક દરમિયાન નેતાઓના સત્ર-**1** દરમિયાન “**2030** તરફ આગેકૂચમાં આપણા સહિયારા જુસ્સા” પર ટિપ્પણી આપશે.

દુનિયાભરમાંથી અંદાજે **40** અન્ય નેતાઓ આ શિખર મંત્રણામાં ભાગ લઇ રહ્યાં છે. તેઓ એવા દેશોનું પ્રતિનિધિત્વ કરશે જેઓ મુખ્ય આર્થિક મંચના સભ્ય છે (ભારત પણ તેમાં સભ્ય છે) અને જેઓ આબોહવા પરિવર્તન બાબતે વધુ સંવેદનશીલ છે, તેમજ અન્ય પણ તેમાં સામેલ રહેશે. આ નેતાઓ આબોહવા પરિવર્તન, આબોહવા સંદર્ભે ઉન્નત પગલાં, આબોહવાની સમસ્યાના શમન અને અનુકૂલન માટે નાણાંનો ઉપયોગ, પ્રકૃતિ આધારિત ઉકેલો, આબોહવા સુરક્ષા તેમજ સ્વચ્છ ઉર્જા માટે ટેકનોલોજીકલ આવિષ્કારો સંદર્ભે પોતાના અભિપ્રાયોનું આદાનપ્રદાન કરશે.

આ નેતાઓ કેવી રીતે દુનિયા સહિયારા અને મક્કમ આર્થિક વિકાસ સાથે આબોહવા સંબંધિત ક્રિયાઓને અનુરૂપ થઇ શકે અને સાથે સાથે રાષ્ટ્રીય સંજોગો અને દીર્ઘકાલિન વિકાસની પ્રાથમિકતાઓને આદર આપી શકે તે બાબતે પણ ચર્ચા હાથ ધરશે.

આ શિખર મંત્રણા આબોહવા સંબંધિત સમસ્યાઓ પર કેન્દ્રિત વૈશ્વિક બેઠકોની શ્રેણીના ભાગરૂપે યોજાઇ રહી છે, જે નવેમ્બર **2021**માં COP26ની દિશામાં આગળ વધવા માટે યોજાઇ રહી છે.

તમામ સત્રોનું લાઇવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે અને મીડિયા તેમજ જાહેર જનતા માટે પણ તે ખુલ્લા છે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 20, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.